कृषिमूला ऋद्धिः

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# આદિવાસી મહિલા તાલીમ કેન્દ્ર
# મહિલાઓનું પ્રેરણાધામ



:: લેખક ::

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
દેડીયાપાડા - ૩૯૩ ૦૪૦, જિ. નર્મદા

## આદિવાસી મહિલા તાલીમ કેન્દ્ર - મહિલાઓનું પ્રેરણાધામ

**પરિચય :**

આદિવાસીઓની દસ લાખ કરતા વધુ વસ્તી હોય તેવા પ્રત્યેક રાજયમાં આદિવાસી મહિલા તાલીમ કેન્દ્ર સ્થાપવામાં આવે છે. ગુજરાતમાં સૌ પ્રથમ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા દેવગઢબારીયા તેમજ બીજુ નવસારી કૃષિ યુનિવસર્ટી દ્વારા નર્મદા જીલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, પારસી ટેકરા, દેડિયાપાડા ખાતે તાજેતરમાં ૨૦૧૨-૧૩ માં શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં કૃષિ, બાગાયત, પશુપાલન, મરઘા ઉછેર વગેરે પર આદિજાતીની મહિલાઓને તાલીમ તથા માર્ગદર્શન આપવામાં આવે છે. જેનો ઉદેશ્ય માત્ર નર્મદા જીલ્લાનાં ખૂબ જ ઉંડાણનાં ગામોમાં આદિજાતી મહિલાઓને કૃષિ સંલગ્ન તાંત્રિક માહિતી તથા માર્ગદર્શન મળી રહે તે માટે આદિવાસી મહિલા તાલીમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવેલ છે.

**આદિવાસી મહિલા કેન્દ્રનાં મુખ્ય હેતુઓ :**

- આદિવાસી ગ્રામ્ય મહિલાઓને કેન્દ્ર પર તથા કેન્દ્રની બહાર પાક ઉત્પાદન, ડેરી ઉદ્યોગ, પશુપાલન, કૃષિ તેમજ ફળ-શાકભાજીની મુલ્ય વૃધ્ધિ વગેરે જેવી કૃષિ સંલગ્ન તાલીમ આપીને આદિજાતીની ગ્રામ્ય મહિલાઓમાં તાંત્રિક જ્ઞાનમાં ખૂબ જ વધારો થાય છે.
- કૃષિ સંલગ્ન આધારીત કૃષિ વિસ્તારોમાં ખેતી પાકોમાંથી જૂદી જૂદી મુલ્ય વૃધ્ધિ પ્રક્રિયાઓ પર ગ્રામીણ મહિલાઓને કુશળતા વધારવા માટે આ કેન્દ્ર દ્વારા તાલીમ આપવામાં આવે છે.
- આદિજાતીની ગ્રામ્ય મહિલાઓમાં ખેતી તથા ઘરનું વ્યવસ્થાપન, બાળકોની સારસંભાળ, એગ્રો પ્રોસેસીંગ અને પાક બજાર વ્યવસ્થા પર પ્રત્યક્ષ તાલીમ આપીને ગ્રામ્ય મહિલાઓમાં સંચાલકીય ક્ષામતામાં વધારો થાય તેમજ તેઓમાં સર્વાંગી વિકાસ થઈ શકે.

- આદિજાતીની ગ્રામીણ મહિલાઓને કૃષિ સંલગ્ન આધુનિક ટેકનોલોજીનું જ્ઞાન તથા કૃષિને લગતા નવા સંશોધન, ફાર્મની મુલાકાત કેન્દ્ર દ્વારા પ્રેરણા પ્રવાસનું આયોજન કરીને ગ્રામીણ મહિલાઓમાં કૃષિ સંલગ્ન જાગૃતતા તથા મહિલાઓમાં ખૂબ જ ઉન્નતિ લાવસ શકાય છે.

**આદિવાસી મહિલા તાલીમ કેન્દ્ર દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓ :**

- આ કેન્દ્ર પર જૂદા જૂદા વિષયનાં કૃષિ તજજ્ઞો દ્વારા પાક ઉત્પાદન, બાગાયત, ગૃહવિજ્ઞાન, પશુપાલન, પાક સંરક્ષણ વગેરે વિષયો પર આદિજાતી મહિલાઓ માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.
- ગ્રામ્ય મહિલાઓ તથા બેરોજગાર યુવતીઓ માટે રોજગારલક્ષી વિષયો પર વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે.
- આદિજાતીની ગ્રામ્ય મહિલાઓમાં કૃષિ સંલગ્ન તાંત્રિક જ્ઞાનનો વધારો થાય તે માટે પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે.
- કેન્દ્ર દ્વારા આદિજાતીની ગ્રામ્ય મહિલાઓને ખેતીની સાથે સાથે પુરક આવક મળે તે માટે ફળ-શાકભાજી પાકોની મુલ્યવૃધ્ધિ, અથાણાની બનાવટ વગેરે પર તાલીમ આપવામાં આવે છે.

આ ઉપરાંત આદિવાસી મહિલાઓમાં જાગૃતિ તેમજ ઉન્નતિકરણ લાવવા માટે નીચે મુજબની વિસ્તરણ પ્રવૃતિઓનું નિયમીત રીતે આયોજન કરવામાં આવે છે.

૧ મહિલાદિન

૨ મહિલા ગોષ્ઠી

૩ કૃષિ મેળો

૪ કૃષિ પ્રદર્શન

૫ મહિલા શીબીર

૬ વૈજ્ઞાનિકો મહિલા ખેડૂત ચર્ચાસભા

૭ ટેલીફોન હેલ્પલાઈન

૮ વિડીયો શો
૯ મહિલા મંડળ
૧૦ પશુ સારવાર કેમ્પ
૧૧ કૃષિ સાહિત્ય
૧૨ રેડિયો વાર્તાલાપ
૧૩ ટી.વી. વાર્તાલાપ
૧૪ મહિલા સેમીનાર
૧૫ પ્રેરણા પ્રવાસ





